



બીજાઓને પ્રણામ કરવાની ઇચ્છા થવી એ કયાંકથી આવતું ખોટું સૂચન છે. બીજાઓ તરફ પ્રણામનું વલણ લેશ પણ ધારણ કરાવું ન જોઈએ અને બીજાઓને વિચારમાં પણ શ્રી માતાજીના જેવું કે તેમની નજીકનું સ્થાન આપવામાં ન આવવું જોઈએ. આ ખૂબ જ જરૂરની વાત છે.

૨૭.૦૭.૧૯૩૪ **શ્રી અરવિન્દ**

(શ્રી માતાજી : દિવ્ય સ્વરૂપ, પૃષ્ઠ-૧૧૨)

# અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે)

## અખિલ ભારત પત્રિકા

**શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.**

જાન્યુઆરી-૨૦૦૯ વર્ષ : ૩૩ અંક : ૦૪ સળંગ અંક ૩૯૦

# અનુક્રમ


| | |
|---|---|
| પ્રાર્થના | ૩ |
| અનંતતા પરત્વેની અભિમુખતા | ૫ |
| તીવ્ર અભીપ્સા | ૬ |
| અહંકાર મદદરૂપ હતો, અહંકાર વિઘ્નરૂપ છે | ૭ |
| The Little Ego | ૮ |
| અહંકારનું ક્રમિક વિઘટન | ૯ |
| ચેતનાને વિશાળ કરવી | ૧૧ |
| સર્જન : પરમાત્માની યોજના | ૧૪ |
| પૂર્ણયોગની પ્રક્રિયા | ૧૭ |
| નૂતન વર્ષના સંદેશાઓ | ૧૮ |
| ગીતા નિબંધો | ૨૫ |
| વૃત્ત વિશેષ | ૩૧ |




# પ્રાર્થના

૧૫ ફેબ્રુઆરી, ૧૯૧૪

પ્રભુ, અનન્ય વાસ્તવિક્તા, પ્રકાશોના પ્રકાશ અને જીવનના જીવન, જગતના પરમ ઉદ્ધારક પ્રેમ, અમારી પ્રાર્થના છે કે તારા અખંડ સાંનિધ્યની સભાનતા પ્રત્યે અમે વધુ ને વધુ સંપૂર્ણ રીતે જાગૃત બનીએ, અને એમાંથી પછી અમારાં સર્વ કર્મો તારા નિયમ પ્રમાણે થતાં રહો અને અમારી સંકલ્પશક્તિ અને તારી સંકલ્પશક્તિ વચ્ચે લેશ પણ તફાવત ન રહો. અમે ઇચ્છીએ છીએ કે તું જે અમારા મનની પરમ ચેતનારૂપે છે તેની સાથે અમારી ચેતનાને એકરૂપ કરવા માટે અમે અમારા મનની ભ્રામક ચેતનામાંથી, તરંગોની દુનિયામાંથી બહાર નીકળી આવીએ. અમારી ચેતના પરમ ચેતના સાથે એકરૂપ બની જાઓ. કારણ કે તું જ એ પરમ ચેતનારૂપ છે.

આ ધ્યેય સિદ્ધ કરવા માટે અમને સંકલ્પશક્તિમાં સ્થિરતા આપ, સર્વ મૂર્છા અને પ્રમાદને ખંખેરી નાખે એવી દઢતા, શક્તિ અને હિંમત અમને આપ.

અમને સંપૂર્ણ નિઃસ્વાર્થતાની શાન્તિ આપ, એ શાન્તિ જે તારી સાંનિધિની અનુભૂતિ કરાવે છે અને તારી દરમિયાનગીરીને જે અસરકારક બનાવે છે. પ્રત્યેક અશુભ ભાવના અને દુર્બોધતા પર જે શાન્તિ હંમેશા વિજય પ્રાપ્ત કરે છે.

પ્રભુ, હું તને વિનંતી કરું છું, મારા સ્વરૂપમાંનું સર્વ કાંઈ તારી સાથે એકરૂપ થઈ જાઓ અને હું તારી પરમ અનુભૂતિ માટે જાગૃત બનેલા પ્રેમની કેવળ મશાલ જ બની રહું.

**શ્રી અરવિન્દ**

(C W M - Vol-1, P. 75)

# અનંતતા પરત્વેની અભિમુખતા

આપણી ચેતનામાં એવી બારીઓ છે, જે અનંતતા તરફ ખૂલતી હોય છે. પરંતુ સામાન્યતઃ માણસો એ બારીઓને કાળજીપૂર્વક બંધ રાખતા હોય છે. એ બારીઓને પૂરેપૂરી ખોલી નાખવાની છે અને અનંત તત્ત્વ આપણી અંદર મુક્તપણે પ્રવેશી શકે તથા આપણું રૂપાંતર સિદ્ધ કરી દે એમ થવા દેવાનું છે.

આ બારીઓને ખોલવા માટેની બે આવશ્યક શરતો છે :

(૧) તીવ્ર અભીપ્સા

(૨) અહંકારનું ક્રમિક વિઘટન

જે લોકો નિષ્ઠાપૂર્વક આમ કરવા કૃતનિશ્ચયી છે તેમને માટે ઈશ્વરની સહાયની ખાતરી આપવામાં આવે છે.

શ્રી માતાજી

(C W M - Vol-14, P. 41)

# તીવ્ર અભીપ્સા

અનુભૂતિઓનો વિકાસ કેટલો જલદી, કેટલો વિશાળ, કેટલો નક્કર અને તીવ્ર થશે અને તેનાં પરિણામ કેટલાં જોરદાર હશે તેનો આધાર, ખાસ કરીને તો શરૂઆતમાં (અને પછી પણ લાંબા સમય સુધી), સાધકની અભીપ્સા અને સ્વ-પ્રયત્ન ઉપર રહે છે. માણસનો આત્મા, સામાન્ય રીતે, અહંતામય ચેતનામાં રહેતો હોય છે અને બાહ્ય આભાસો તથા આકર્ષણોમાં ડૂબેલો હોય છે; તે તેમાંથી એક એવી ઊર્ધ્વ ચેતના તરફ વળે કે જ્યાંથી પરાત્પર અને પરમાત્મા પોતાની ચેતનાને તેના આ ઢાળામાં રેડવા માંડે અને તેનું રૂપાંતર કરી નાંખે, તે થઈ યોગની પ્રક્રિયા. એટલે સિદ્ધિનો આધાર, સૌથી પહેલાં તો, એ બીજી ચેતના તરફ વળવાની આપણી તીવ્રતા ઉપર, આત્માને અંતરમુખ કરનાર આપણી શક્તિ ઉપર છે. હૃદયમાં ઊઠતી અભીપ્સાનું બળ, સંકલ્પશક્તિ, મનની એકાગ્રતા, ખંત અને મક્કમતાથી થતો શક્તિનો ઉપયોગ એ બધાં ઉપરથી આપણી તીવ્રતા કેટલી છે એ જાણી શકાય છે. બાઈબલમાં એક જગાએ કહ્યું છે : ''પ્રભુની આ તાલાવેલી તો મને ખાઈ ગઈ છે.'' જે સાધક આમ કહી શકે તે જ આદર્શ સાધક. ભગવાનને માટેનો આ ઉત્સાહ, સમગ્ર પ્રકૃતિની પ્રભુ માટેની વ્યાકુળતા, હૃદયમાં પ્રભુ માટેની તાલાવેલી એ, સાધકના અહમ્‌ને નિઃશેષ ખાઈ જાય છે. મહાનમાં મહાન અને ઉત્તમમાં ઉત્તમ પુરુષ કે પ્રકૃતિને પણ મર્યાદાઓ હોય છે; પરમાત્માને નથી; અને પરાત્પર તો એ બધી જ મર્યાદાઓથી પર છે; સાધક એની ઝંખના કરે તો એની તાલાવેલી એના અહમ્‌નાં તુચ્છ અને સાંકડાં માળખાંઓની મર્યાદાઓ તોડી નાખીને એ પરમાત્મા અને પરાત્પરનો સ્વીકાર કરવાની શક્તિ તેને આપે છે.

**શ્રી અરવિન્દ**

(યોગમાર્ગોનો સમન્વય, ગ્રંથ ૧, પૃષ્ઠ ૬૬-૬૭)



# અહંકાર મદદરૂપ હતો, અહંકાર વિઘ્નરૂપ છે

પ્રકૃતિએ અહંકારને એટલા માટે ઉત્પન્ન કર્યો કે માણસ પદાર્થતત્ત્વના અચિત્ તેમજ અવચેતનમાંથી પોતાની જાતને અલગ કરી લઈને પોતે સ્વતંત્ર મન, પ્રાણશક્તિ, જીવ, આત્મા, બની રહે અને એથી પોતાની જાતને જગતમાં ડુબાડી દઈને બિનઅસરકારક તેમજ નાશવંત ન બનાવી મૂકે. કારણ કે વ્યક્તિ એ વૈશ્વિક સ્વરૂપનો જ અંશ છે, અને સાથે સાથે એ એનાથી કંઈક વિશેષ પણ છે, પરાત્પર તત્ત્વમાંથી અવતરી આવેલ એ એક આત્મા છે. આ પરાત્પર તત્ત્વને તે એકદમ પ્રકટ કરી શકતો નથી; કારણ કે તે વૈશ્વિક અજ્ઞાનની એકદમ નજીક છે; મૂળ પરાચેતનાની બહુ નજીક તે નથી; તે પોતાની જાતને આત્મા કે 'સ્વ' રૂપે પામી શકે તે અગાઉ એણે પોતાની જાતને મનોમય કે પ્રાણમય અહંકારરૂપે પ્રાપ્ત કરવાની છે.

❋❋❋

દેહ-ભાનની સાથે જોડાએલ મનોમય અને પ્રાણમય અહંતાનું સર્જન વિશ્વવ્યાપી પ્રાણે પોતાની ક્રમિક ઉત્ક્રાંતિમાં કરેલો સૌથી પહેલો મહાન પરિશ્રમ છે; કારણકે જડ તત્ત્વમાંથી સચેતન વ્યક્તિને સર્જવા માટે તેને એ જ જરૂરી સાધન જણાયું. સીમાસર્જક આ અહંતાનું વિસર્જન એ વિશ્વવ્યાપી પ્રાણની પોતાની દિવ્ય સાર્થકતા માટેની એકમાત્ર શરત અને અનિવાર્ય સાધન છે; કારણકે એથી જ સચેતન વ્યક્તિ પોતાની પરાત્પર જાત કે પોતાનું સાચું વ્યક્તિત્વ પ્રાપ્ત કરી શકશે.

**શ્રી અરવિન્દ**

(SABCL 19, P-694, યોગમાર્ગોનો સમન્વય - ગ્રંથ-૧ પૃષ્ઠ-૪૦૮)

# The Little Ego

*This puppet ego the World-Mother made,*
*This little profiteer of Nature's works,*
*Her trust in his life-tenancy betrayed,*
*Makes claim on claim, all debt to her he shirks.*

*Each movement of our life our ego fills;*
*Inwoven in each thread of being's weft,*
*When most we vaunt our selflessness, it steals*
*A sordid part; no corner void is left.*

*One way lies free our heart and soul to give,*
*Our body and mind to Thee and every cell,*
*And steeped in Thy world-infinity to live.*
*Then lost in light, shall fade the ignoble spell.*

*Nature, of her rebellion quit, shall be*
*A breath of the Spirit's vast serenity.*





# અહંકારનું ક્રમિક વિઘટન

અને માટે જ એવો સમય આવવો જ જોઈએ જ્યારે માણસે પોતાની અહંપ્રધાન વ્યક્તિતાની ધૂંધળી સપાટીની ભીતર દૃષ્ટિ કરવી જોઈએ અને પોતાની જાતને જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ; એણે સત્ય વ્યક્તિતાને પ્રાપ્ત કરવા માટેની યાત્રા આરંભી દેવી જોઈએ; એમ કર્યા વગર તો પ્રકૃતિના પ્રાથમિક જ્ઞાનમાં જ તે અટકી પડશે અને એના ગભીરતમ અને વિશાળતર જ્ઞાનને કયારેય પામી શકશે નહિ; એનું વ્યવહારુ જ્ઞાન અને ક્ષમતા ગમે તેટલાં મહાન હશે તો પણ એ પ્રાણી કરતાં સહેજ ઊંચી એવી કક્ષાને જ પ્રાપ્ત કરી શકશે. પ્રથમ તો એણે પોતાના મનોવિજ્ઞાન પર પોતાની નજર દોડાવવી પડશે અને એનાં કુદરતી તત્ત્વો - અહંકાર મન અને એનાં સાધનો, પ્રાણ તથા શરીર વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરવો પડશે - અને એણે એ સમજવું જોઈએ કે પ્રકૃતિના તત્ત્વોના કાર્યની સમજૂતીને બદલે એના પોતાના સમગ્ર અસ્તિત્વની સમજૂતીની એને વધુ જરૂર છે, તેમજ અહંપ્રધાન 'સ્વપ્રસ્થાપના તથા અહંના સંતોષને બદલે પોતાનાં કર્મોનું ધ્યેય શું છે તે જાણી લેવાનું એને માટે મહત્ત્વનું છે.

❀❀❀

ત્યાર પછી જ્યારે આપણા અસ્તિત્વના ઊંડામાં ઊંડા આત્મામાં આપણે પ્રવેશ કરીએ છીએ ત્યારે આપણને જ્ઞાન થાય છે કે આપણા અંતરમાં તેમજ સર્વમાં એક જ આત્મા અને વાસુદેવ વસે છે જેની સેવા સમગ્ર પ્રકૃતિ કરી રહી છે અને જેને તે પ્રગટ કરી રહી છે. અને આપણે પોતે એ દિવ્ય આત્મામાંથી પ્રગટેલા એના આત્મા છીએ, ચિત્ તત્ત્વનું ચિત્ તત્ત્વ છીએ, આપણો દેહ એનો પ્રતિનિધિરૂપ પ્રતિમા છે, આપણું જીવન એના જીવનના સંવાદની એક ગતિ છે, આપણું મન એની ચેતનાનો કોશ છે, આપણી ઈન્દ્રિયો એનાં કરણરૂપ છે, આપણી લાગણીઓ અને ઈન્દ્રિયોના સંસ્કારો સત્‌ના આનંદની ખોજ છે, આપણાં કર્મો એનો હેતુ સાધવાનાં સાધનરૂપ છે. જ્યારે આપણે અજ્ઞાન હોઈએ છીએ ત્યારે આપણી મુક્તિ કેવળ છાયાસૂચન યા તો ઝાંખી માત્ર હોય છે, પરંતુ જ્યારે આપણે પ્રભુને જાણીએ છીએ ત્યારે તે સઘળાં એની શાશ્વત મુક્તિની જ સંતતિ અને સફળ

વાહિની બની રહે છે. આપણે જે પ્રભુત્વ પ્રાપ્ત કરીએ છીએ-આપણી પ્રભુતાઓ પ્રભુની શક્તિ કાર્ય કરતી હોય છે તેના પ્રતિબિંબરૂપ બને છે, આપણું ઉત્તમોત્તમ જ્ઞાન એના જ્ઞાનનો આંશિક પ્રકાશ માત્ર હોય છે, આપણા આત્માનો ઊંચામાં ઊંચો સૌથી સમર્થ સંકલ્પ આપણા આત્માના વિશ્વના આત્માનો જે સ્વામી છે, જે સર્વના અંતરમાં રહેલો છે તેના જ સંકલ્પનો પ્રક્ષેપ અને પ્રતિનિધિરૂપ બને છે. એ સર્વ ભૂતોના હૃદયદેશમાં રહેલો ઈશ્વર આપણી અજ્ઞાની દશામાં આપણાં અંતરનાં અને બહારના કાર્યોમાં જાણે આપણે યંત્ર ઉપર આરૂઢ હોઈએ તેમ એની નિમ્ન પ્રકૃતિના ચક્ર ઉપર આપણને ગોળ-ગોળ ફેરવે છે, અને અજ્ઞાનની આચ્છાદિત કે જ્ઞાનની પ્રકાશિત અવસ્થામાં આપણાં અંતરમાં અને જગતમાં વસતા એ પ્રભુને ખાતર આપણું જીવન છે. આ જ્ઞાનમાં અને સત્યમાં સચેતનપણે અને સમગ્રતાપૂર્વક જીવવું એટલે અહંમાંથી મુક્ત થવું, માયામાંથી બહાર નીકળવું.

❋❋❋

સાધનાના શરૂઆતના તબક્કાઓ લગભગ પ્રત્યેક વ્યક્તિ માટે અહં કેન્દ્રિત જ હોય છે. એ તબક્કાઓમાં મુખ્ય વિચાર હંમેશા, પોતાની સાધના, પોતાના પ્રયત્નો, પોતાનો વ્યક્તિગત વિકાસ, પૂર્ણતા અને પોતાની સિદ્ધિ, એ જ હોય છે. અને મોટાભાગના લોકો માટે આ અનિવાર્ય છે. કારણ કે વ્યક્તિગત પ્રયત્ન સિવાય - પ્રાથમિક, તથા જરૂરી પરિવર્તન લાવવા માટે - પૂરતો સંકલ્પ કે પૂરતું બળ સંભવી શકે નહિ. આમાંની કોઈ પણ વસ્તુ - વિકાસ, પૂર્ણતા કે સિદ્ધિ જ્યાં સુધી આ અહં-કેન્દ્રિત વલણ પ્રભુ-કેન્દ્રિત વલણમાં પરિવર્તન ન પામે; જ્યાં સુધી એ વિકાસ, પૂર્ણતા ને સિદ્ધિ ન બની રહે, આ શરીરમાં એનો જ સંકલ્પ અને એનું સાધન ન બની રહે ત્યાં સુધી - પૂર્ણતા કે, નિર્ભેળ નિર્ણયાત્મક્તાની કોઈ કક્ષામાં પહોંચી શકતી નથી- અને એ ત્યારે જ શક્ય બને જ્યારે આ વસ્તુઓ - વિકાસ, પૂર્ણતા કે સિદ્ધિ - એ ગૌણ બાબત બની રહે અને ઈશ્વરની ભક્તિ, ઈશ્વરપ્રેમ, ઈશ્વર સાથે ચેતનામાં, સંકલ્પમાં, હૃદયમાં અને શરીરમાં એકતા - એ વસ્તુઓ એકમાત્ર ધ્યેય બની રહે. - અને આમ થયા પછી બાકીનું બધું એ ઈશ્વરની શક્તિ દ્વારા ઈશ્વરના સંકલ્પની પરિપૂર્તિ સમાન બની રહે છે.

**શ્રી અરવિન્દ**

(SABCL 19, PP 694-95, Vol-13, P-535, Vol-24, P-1372)



# ચેતનાને વિશાળ કરવી

**મધુર માતાજી, આપણે આપણી ચેતનાને વિશાળ કેવી રીતે બનાવી શકીએ ?**

વિશાળ ? આહ, આ વસ્તુ કરવાના ઘણા રસ્તા છે.

સૌથી સહેલો માર્ગ છે તમારી જાતનું કોઈ બૃહદ્ વસ્તુ સાથે ઐક્ય કરાવવું. દા.ત. તમને જ્યારે લાગે કે તમે સંકુચિત અને મર્યાદિત વિચારમાં, સંકલ્પશક્તિમાં અથવા ચેતનામાં કેદ પુરાયેલા છો, જ્યારે તમે અનુભવો કે જાણે તમે કોઈ કોચલામાં પુરાયેલા છો તો પછી તમે કોઈક વિશાળ વસ્તુનો વિચાર કરવાની શરૂઆત કરો. દા.ત. એક મહાસાગરના વિશાળ પાણીની વિપુલતાનો, અને જો તમે આ મહાસાગર વિશે વિચાર કરી શકો કે તે કેટલે દૂર દૂર, દૂર દૂર સુધી ફેલાયેલો છે, બધી જ દિશાઓમાં, આ રીતે (માતાજી તેમના હાથ ફેલાવે છે) તે કઈ રીતે, તમારી સરખામણીમાં, કેટલે દૂર સુધી ફેલાયેલો છે કે તમે તેનો કિનારો પણ જોઈ શકતા નથી, તમે તેના અંત સુધી પહોંચી શકતા નથી, તમે તેની પાછળ કે આગળ જમણી કે ડાબી બાજુએ.... તે કેટલો વિશાળ, વિશાળ, વિશાળ, વિશાળ છે.... આ વસ્તુનો વિચાર કરો અને પછી વિચાર કરો કે તમે આ દરિયા પર તર્યા કરો છો તે પ્રમાણે અને તેને નથી મર્યાદાઓ... આમ કરવું ઘણું સરળ છે; તો પછી તમે તમારી ચેતનાને જરા વધારે વિશાળ બનાવી શકો.

બીજા લોકો, દા.ત. આકાશ તરફ જોવાની શરૂઆત કરે છે; અને પછી બધા તારાઓ વચ્ચે રહેલા અવકાશ વિશે કલ્પના કરે છે... તે અવકાશની અનંતતાનો, જેમાં પૃથ્વી તો ફક્ત એક નાનકડું બિંદુ છે અને તમે પોતે તો પૃથ્વી ઉપરનું સાવ નાનું બિંદુ છો, કીડી કરતાં પણ નાનું. અને આમ તમે આકાશ તરફ નજર કરો છો અને તમે બધા ગ્રહો વચ્ચે રહેલા અવકાશની અનંત જગાઓ વચ્ચે તરતા હો છો અને તમે વિશાળ અને વિશાળ બનતા જાઓ છો. કેટલાક લોકો આ રીતે કરવામાં સફળ થાય છે.

એક બીજા માર્ગમાં તમારે તમારી જાતને પૃથ્વી ઉપર રહેલી બધી

વસ્તુઓ સાથે ઐક્ય કરવાનો પ્રયત્ન કરવાનો. દા.ત. તમારું દૃષ્ટિબિંદુ કોઈક વસ્તુ માટે સાંકડું છે અને બીજાના દૃષ્ટિબિંદુથી તમને દુઃખ થાય છે, ત્યારે તમારે તમારી ચેતનાને ખસેડવાની શરૂઆત કરવી અને બીજામાં મૂકવાનો પ્રયત્ન કરો અને બીજા બધાઓની જે વિચાર કરવાની જુદી પદ્ધતિ છે તે ઉપર તમારી જાતનું ધીરે ધીરે ઐક્ય પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરો. આ થોડું વધારે... હું કઈ રીતે સમજાવું... જોખમી છે. કારણ કે પોતાની જાતને બીજાના વિચારો અને સંકલ્પ સાથે તદ્રૂપ કરવી એટલે બીજાઓની મૂર્ખાઈઓ (માતાજી હસે છે) અને અશુભ સંકલ્પો સાથે એકતા સાધવી, અને આનાં પરિણામો કંઈ બહુ સારાં ન આવે. પરંતુ તેમ છતાં બીજા લોકો આ બહુ સહેલાઈથી કરે છે. દા.ત. જ્યારે તેઓ બીજાઓ સાથે સહમત ન હોય ત્યારે તેમની ચેતનાને વિશાળ કરવા માટે તેઓ બીજાઓની જગાએ પોતાની જાતને મૂકે છે અને તે વિચારોને પોતાના દૃષ્ટિબિંદુથી નહિ પરંતુ બીજાઓના દૃષ્ટિબિંદુથી જુએ છે. આ વસ્તુ ચેતનાને વિશાળ કરે છે પરંતુ મેં જે રીતો પહેલાં કહી તેટલા પ્રમાણમાં નહીં. એ નિર્દોષ રીતો છે. તે રીતો તમને નુકસાન કરતી નથી, વધારે ફાયદો કરે છે. તેઓ તમને ખૂબ શાંત બનાવે છે.

ચેતનાને વિશાળ કરવાની બુદ્ધિયુક્ત રીતો ઘણી છે. મેં મારા પુસ્તકમાં આ બધી રીતોને વિગતવાર સમજાવી છે. પરંતુ ગમે તે પ્રસંગે, જ્યારે કોઈ વસ્તુ કંટાળો આપે, દર્દ આપે અથવા અપ્રસન્ન કરે ત્યારે જો તમે સમયની શાશ્વતીનો અને અવકાશની અનંતતાનો વિચાર કરવાનું શરૂ કરો, જો તમે પહેલાં જે વસ્તુઓ પસાર થઈ ગઈ અને હવે પછી ભવિષ્યમાં આવનાર વસ્તુઓનો વિચાર કરો, અને આમ વિચારો કે આ ક્ષણ ફક્ત શાશ્વતીનો એક ઉચ્છવાસ લે છે અને કોઈ વસ્તુથી અસ્વસ્થ થવું એ કેટલું હાસ્યાસ્પદ છે... જે શાશ્વતીના સમયમાં છે તેના વિશે સભાન થવા માટે માણસ માટે સમય પણ નથી, જગા પણ નથી અને અગત્ય પણ નથી કારણ કે શાશ્વતીમાં એક સેકંડની કઈ ગણતરી ? જો તે સમજવાની કોઈ દરકાર કરે.... કેવી રીતે મૂકું... તેના દર્શન કરવા માટે પોતે કેટલો નાનો છે તેનું ચિત્ર કરવા માટે, પોતે નાનકડી પૃથ્વી ઉપર છે તેમાં ચેતનાની નાની ક્ષણ માટે જે ક્ષણ તમને દર્દ પહોંચાડે છે અથવા દુઃખદાયક છે, ફક્ત આટલી જ વસ્તુ માટે - પોતાની અંદર તમારા અસ્તિત્વમાં ફક્ત એક જ ક્ષણ છે, તમારા



સ્વરૂપની કેટલી બધી વસ્તુઓ પહેલી બની ગયેલ અને ઘણી વસ્તુઓ હવે પછી બનશે, અને અત્યારે જે વસ્તુ અસર કરે છે તેને તમે દસ વર્ષમાં કદાચ ભૂલી પણ ગયા હશો અથવા કદાચ યાદ આવે તો તમે જ કહેશો, ''શા માટે એ વસ્તુને મારાથી એટલી બધી અગત્ય અપાઈ ગઈ ?... જો તમે પેલી વસ્તુને પ્રથમ જાણી શકો અને તમારું નાનું વ્યક્તિત્વ જે શાશ્વતીમાં ફક્ત એક જ સેકંડ પૂરતું છે, પૂરી સેકંડ જેટલું પણ નહીં, શાશ્વતીની સેકંડનો એક નાનકડો ભાગ, અને એમ જોઈ શકો કે આખું જગત આની પહેલાં ખૂલી ગયેલું છે અને હજુ ખૂલ્યા જ કરશે, અનંત રીતે, આગળ અને પાછળ અને આવું બધું... વારુ તો પછી તમે ઓચિંતા એમ અનુભવશો કે તમારી સાથે જે વસ્તુ બની ગઈ તે કેટલી હાસ્યાસ્પદ હતી... અને તમે ખરેખર એમ અનુભવો... કે તમારા જીવનમાં, તમારી જાત સાથે જે જે વસ્તુઓ બને છે તેને કોઈ પણ અગત્ય આપવી એ કેટલી બધી મૂર્ખતા છે... અને ત્રણ મિનિટના ગાળામાં જો આ વસ્તુ તમે કરી શકો તો તમારી બધી જ નારાજી દૂર થઈ જશે. ઘણું ઊંડું દર્દ પણ સાફ થઈ જશે. ફક્ત આ પ્રકારની એકાગ્રતામાં અને પોતાની જાતને અનંતતામાં અને શાશ્વતીમાં મૂકી દેવાની. દરેક વસ્તુ ચાલી જાય છે. માણસ સ્વચ્છ બનીને તેમાંથી બહાર નીકળે છે. માણસ બધી જ આસક્તિઓમાંથી મુક્ત થઈ શકે છે, ઊંડા દર્દમાંથી, હું કહું છું - દરેક વસ્તુમાંથી આ રીતે - જો કોઈ જાણે કે આ વસ્તુ સાચી રીતે કેમ કરવી તો તે તમને તમારા નાનકડા અહંમાથી બહાર કાઢે છે. તો આપણે આ સ્થિતિમાં છીએ.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૬ પૃષ્ઠ ૩૩૪ થી ૩૩૬)

# સર્જન : પરમાત્માની યોજના

જ્યારે માણસ પોતાના આત્માને શોધી કાઢવા માટે જરૂરી પ્રયત્ન કરે છે, તેની સાથે એકતા પ્રાપ્ત કરી તેને પોતાના જીવનનું નિયમન કરવા દેવા પ્રયત્ન કરે છે, ત્યારે ઘણીવાર તે એક અદ્‌ભુત, મનોહર શોધ બની રહેતી હોય છે. જેને પરિણામે પ્રથમ વૃત્તિ માણસને પોતાની જાતને એવું કહેવાની થતી હોય છે કે મારે જે જોઈતું હતું તે હવે મને જડી ગયું, મને અનંત આનંદ પ્રાપ્ત થયો ! પછી તે માણસ બીજા કશાની પરવા કરતો હોતો નથી.

હકીકતમાં, જેમણે આ શોધ કરી છે તે બધાને આવી લાગણી પેદા થઈ છે. કેટલાક લોકોએ તો આ અનુભૂતિને સાક્ષાત્કારના એક સિદ્ધાંત તરીકે સ્થાપિત કરી છે અને કહ્યું છે કે જ્યારે તમે આ વસ્તુ સિદ્ધ કરો છો, ત્યારે બધું જ કાર્ય પતી જતું હોય છે; હવે કાંઈ કરવાનું બાકી રહ્યું નથી; તમે લક્ષ્યને પ્રાપ્ત કરી લીધું છે; માર્ગનો અંત આવી ગયો છે.

સાચે જ તેથી આગળ જવા માટે બહુ જ હિંમતની જરૂર છે. આ શોધી કઢાયેલો આત્મા એક શોધવીર આત્મા હોવો જોઈએ, જે પોતે પ્રાપ્ત કરેલા આંતર આનંદથી સંતોષ માની લેતો નથી, જે બીજા દુઃખી જીવોને આશ્વાસન આપવામાં જ રાચતો નથી, પોતાની જાતને એમ કહેતો નથી કે મોડા વહેલા તે બધા લોકો આ સ્થિતિને પ્રાપ્ત કરશે, તેમણે મારી પેઠે પ્રયત્ન કરવો જોઈએ. વધારેમાં વધારે તે લોકો, મહાન કરુણા અને કલ્યાણકારિતા વડે બીજાઓને તે સ્થિતિ પ્રાપ્ત કરવામાં મદદ કરતા હોય છે. જ્યારે દરેક જણ તે સ્થિતિને પ્રાપ્ત કરશે, ત્યારે જગતનો અંત આવી જશે, અને જે લોકોને દુઃખ ગમતું હોતું નથી તેમને માટે તે બહુ સારી વાત હશે !

પણ અહીં 'પણ' છે. જ્યારે પરમાત્માએ આ પ્રગટીકરણ કર્યું, ત્યારે તેમનો આશય આ હતો તે વાતની તમને ખાતરી છે ?

(મૌન)

જો આખરી અંત આ જ હોય, તો સમગ્ર સૃષ્ટિ, સમગ્ર વૈશ્વિક આવિર્ભાવ એક ક્રૂર મશ્કરી ભાસે. જો સૃષ્ટિમાંથી છેવટે ભાગી જ જવાનું હોય, તો તેનું સર્જન જ શા માટે ? જો છેવટે સૃષ્ટિ આપણને તેમાંથી છટકી જવાનું જ શિખવાડવા માટે થઈ હોય, તો આટલું બધું દુઃખ શા માટે, આટલો બધો સંઘર્ષ શા માટે, સૃષ્ટિનો બાહ્ય દેખાવ આટલો બધો કરુણ અને નાટકીય શા માટે ? તો તો પછી સૃષ્ટિ કરવામાં જ ન આવી હોત, તો વધારે સારું થાત.



પણ જો માણસ વસ્તુઓના ઊંડાણમાં જાય, જો અહંતાને પૂરેપૂરી ફગાવી દઈને, પરિપૂર્ણ રીતે, નિઃસ્વાર્થ રીતે, કશું પણ બાકાત રાખ્યા સિવાય, આત્મસમર્પણ કરે, તો તે ભગવાનની યોજનાને સમજવા માટે શક્તિમાન બને, ત્યારે તેને ખબર પડે કે આ સૃષ્ટિ એક ક્રૂર મશ્કરી નથી, થોડાક પ્રહારો ખમીને તમારે આરંભબિંદુ પ્રત્યે વાંકે માર્ગે પાછા ફરવાનું નથી. તેથી ઊલટું, સમગ્ર સૃષ્ટિને અસ્તિત્વનો આનંદ માણતાં સૃષ્ટિએ શીખવવાનું છે, સૃષ્ટિની સુંદરતા, મહત્તા, ઉદાત્ત જીવનની ભવ્યતા, તે આનંદ, સૌન્દર્ય, મહત્તાની સતત પ્રગતિ અને વૃદ્ધિ શિખવાડવાનાં છે. પછી દરેક વસ્તુ અર્થવાળી બની જાય છે, પછી માણસને સંઘર્ષ કર્યાનો અને દુઃખ ભોગવ્યાનો પશ્ચાત્તાપ થતો નથી. પછી તેને દિવ્ય લક્ષ્ય સિદ્ધ કરવા માટે ઉત્સાહ જ બાકી રહે છે, પછી તે લક્ષ્યની અને વિજયની ખાતરીપૂર્વક સાક્ષાત્કાર માટે ઊંધું ઘાલીને જંપલાવે છે.

પણ તે જાણવા માટે માણસે અહંતાને દૂર કરવી જોઈએ, તેણે સ્વાર્થી વ્યક્તિ મટી જવું જોઈએ, પરમ ઉદ્‌ગમસ્થાનથી ભિન્ન વ્યક્તિ મટી જવું જોઈએ. અહંતાને દૂર કરવા માટે તે કરવું જોઈએ. તે એક માર્ગ છે, જેના વડે માણસ પોતાના સાચા લક્ષ્યને જાણી શકે !

ઉપવસ્ત્રની માફક અહંતાને ફગાવી દેવી જોઈએ.

જે પ્રયાસો કરવાના છે, તેમને યોગ્ય જ મહાન પરિણામ પ્રાપ્ત થાય છે. પછી માર્ગ ઉપર તે માણસ એકલો નથી હોતો, જો તેનામાં વિશ્વાસ હશે, તો ભગવાન તેને મદદ કરશે જ.

જો તમને એક ક્ષણ માટે પણ ભગવાનની કૃપાનો સંપર્ક થયો હશે, જે કૃપા અદ્‌ભુત છે. તમને માર્ગ કાપવા માટે વેગ આપે છે, તમારું વહન કરે છે. તમારે ઉતાવળ કરવાની છે એ વાતને પણ ભુલાવી દે છે. તો તે કૃપાને

તમે પ્રયત્ન કરશો તો પણ ભૂલી જઈ નહિ શકો. બાળકની પેઠે બાળક જેવી નિર્દોષતા, સાથે, બાળકને જેમ કોઈ ગૂંચવાડો નથી હોતો તેમ ગૂંચવાડા વગર, તમે તમારું સમર્પણ તે કૃપાને કરી દો, અને બધું જ કાર્ય તેને કરવા દો.

જે પ્રતીકાર કરે છે, વિરોધ કરે છે, તેની વાત ન સાંભળો. વિશ્વાસ રાખો, સાચો વિશ્વાસ રાખો. ગણતરી કર્યા વગર, વિશ્વાસપૂર્વક, તમારી જાતનું સમર્પણ તે કૃપાને કરી દો; તેમાં સોદો કરવાની ભાવના ન રાખશો. વિશ્વાસ રાખો, જે વિશ્વાસ કહે છે કે ભગવાન, મારે માટે આ કે પેલું કરો; હું તે બધું તમારા પર છોડું છું.

આ સૌથી શ્રેષ્ઠ માર્ગ છે.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવણી ગ્રંથ-૯ પૃષ્ઠ ૩૯૦ થી ૩૯૨)

***સમર્પણ કરવું એટલે આપણું ક્ષુદ્ર મન, એના મનોમય વિચારો અને ગમા અણગમાઓનો ત્યાગ કરી દિવ્ય જ્યોતિ, અને મહત્તર જ્ઞાન પ્રતિ અભિમુખ થવું; આપણા ક્ષુદ્ર વ્યક્તિગત, ત્રસ્ત, અંધ અને ઠોકર ખાતા સંકલ્પને છોડી મહત્તર, સ્વસ્થ, શાન્ત તેમજ પ્રકાશિત સંકલ્પ અને શક્તિ પ્રતિ અભિમુખ થવું. આપણી ક્ષુદ્ર, ક્ષુબ્ધ ને વેદનાગ્રસ્ત લાગણીઓથી મુક્ત થઈ વિશાળ અને ઉત્કટ એવા દિવ્ય પ્રેમ અને આનંદ પ્રતિ અભિમુખ થવું. આપણી ક્ષુદ્ર વ્યક્તિતાથી મુક્ત થઈ એ વ્યક્તિતા જેનું અસ્પષ્ટ પરિણામસ્વરૂપ છે તે 'એકમેવ' ના જેવા બની રહેવું.***

***શ્રી અરવિન્દ***



# પૂર્ણયોગની પ્રક્રિયા

પૂર્ણયોગની સાધનામાં ત્રણ ભૂમિકા છે. આ ત્રણ ભૂમિકાઓ કાંઈ સ્પષ્ટ રીતે જુદી પડતી નથી કે અલગ અલગ પણ નથી, છતાં પણ કેટલેક અંશે ક્રમિક ખરી. સૌથી પહેલાં, આપણે આપણી જાતને વટાવીને ભગવાનનો સંપર્ક સાધવાની શરૂઆત કરી શકીએ એટલા પૂરતો તો સ્વ-પ્રયત્ન હોવો જ જોઈએ. તે પછી જે આપણી જાતથી ઉપર છે અને જેની સાથે આપણે વ્યવહાર શરૂ કરી શક્યા છીએ તેનો આપણી અંદર સ્વીકાર કરવો પડે કે જેથી આપણી સમગ્ર સચેતન જાતનું રૂપાંતર થાય. અને છેવટે, આપણી રૂપાંતર થએલ જાતનો દુનિયામાં પ્રભુના કેન્દ્ર તરીકે ઉપયોગ થવા દેવો તે થઈ ત્રીજી ભૂમિકા. જ્યાં સુધી પ્રભુ સાથે ઠીક ઠીક સંપર્ક સાધી શકાયો ન હોય, જ્યાં સુધી પૂરતા પ્રમાણમાં સાયુજ્ય એટલે કે પ્રભુ સાથેની સતત એક્તા સ્થાપી શકાઈ ના હોય ત્યાં સુધી, સામાન્ય રીતે, સ્વ-પ્રયત્ન આગળ પડતો રહેવો જ જોઈએ. પણ જેમ જેમ આ સંપર્ક સાધકની અંદર સ્થપાતો જાય તેમ તેમ તેણે જાગ્રત થતા જવું જોઈએ કે પોતાની નહિ એવી, પોતાના અહમ્-પ્રધાન પ્રયત્ન અને શક્તિથી ઉપરની એવી, એક શક્તિ પોતાની અંદર કાર્ય કરી રહી છે. તે પછી, ધીમે ધીમે, એ આ શક્તિનું શરણ સ્વીકારતો જાય છે અને પોતાની સાધનાનો હવાલો તેને સોંપતો જાય છે. છેવટે એની પોતાની સંકલ્પશક્તિ અને સામર્થ્ય ઊર્ધ્વ શક્તિની સાથે એક થઈ જાય છે, ઈશ્વરેચ્છા અને એની પરાત્પર તથા વૈશ્વિક શક્તિમાં તેમનો લય કરી દે છે. અને એ પછી તે જોઈ શકે છે કે પોતાનાં મન, પ્રાણ અને શરીરના જરૂરી રૂપાંતરનું કાર્ય તે શક્તિએ પોતાના હાથમાં લઈ લીધું છે તથા પૂર્ણ પ્રજ્ઞા વડે ધાર્યું પરિણામ લાવી રહી છે. આ બધું કાંઈ તેના અહમ્ની આતુરતા અને ધગશથી બની ના શકત. જ્યારે મહાશક્તિ સાથેની આ એકરૂપતા અને તેમાં પોતાની જાતનો લય સંપૂર્ણ બને ત્યારે જ પૃથ્વી ઉપરનું પ્રભુનું કેન્દ્ર તૈયાર થાય છે. આમ, શુદ્ધ, મુક્ત, મુલાયમ, જ્યોતિર્મય, બનીને તે એ પરમ શક્તિના કાર્યમાં એક કરણ તરીકે કામ લાગી શકે છે. પરમ શક્તિનું એ કાર્ય છે એક વિશાળ યોગઃ- માનવતાનો, અગર, કહોને કે, અતિમાનવતાનો - દુનિયાની આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો, તેના રૂપાંતરનો.

**શ્રી અરવિન્દ**

(યોગમાર્ગોનો સમન્વય : ગ્રંથ ૧, પૃષ્ઠ ૬૭)

# નૂતન વર્ષના સંદેશાઓ

૧૯૩૩

નવા વર્ષના જન્મની સાથે આપણી ચેતનાનો પણ નવો જન્મ થાઓ. ભૂતકાળને દૂર પાછળ મૂકી દઈને આપણે પ્રકાશવંત ભવિષ્ય તરફ દોડી જઈએ.

★★★

૧૯૩૪

પ્રભુ ! વર્ષ તેના અંત તરફ જઈ રહ્યું છે અને અમારી કૃતજ્ઞતા તને નમસ્કાર કરી રહી છે.

પ્રભુ ! વર્ષનો પુનર્જન્મ થઈ રહ્યો છે, અમારી પ્રાર્થના તારા પ્રતિ ઊર્ધ્વમાં ઊઠી રહી છે.

આ અમારા માટે પણ એક નૂતન જીવનની ઉષા બની રહો.

★★★

૧૯૩૫

આ નૂતન વર્ષની સંધ્યાએ જે કાંઈ બનાવટી અને અસત્ય છે, જે કાંઈ દંભ અને અનુકરણ કરે છે તે સર્વ તને સમર્પિત કરી દઈએ છીએ. તે સર્વ આ સમાપ્ત થતા વર્ષની સાથે અદશ્ય થઈ જાઓ. જે કાંઈ પૂર્ણરૂપે સત્ય, સત્યનિષ્ઠ, સરળ અને શુદ્ધ છે તેજ આ શરૂ થતા વર્ષમાં ટકી રહો.

★★★

૧૯૩૬

હે પ્રભુ ! વરદાન આપ કે આ વર્ષ તારા વિજયનું વર્ષ બની રહો. એક સંપૂર્ણ વફાદારી, જે અમને તારા વિજયને માટે યોગ્ય બનાવે તેને માટે અમે અભીપ્સા કરીએ છીએ.

★★★

૧૯૩૭

વિઘ્નમાત્રના વિજેતા હે પ્રભુ ! તારો જય હો! કૃપા કર કે અમારી અંદરનું કશું પણ તારા કાર્યમાં વિઘ્નરૂપ ન બનો.



૧૯૩૮

પ્રભુ! અમારી અંદરનું સર્વ કાંઈ તારા સાક્ષાત્કારને માટે તૈયાર થાઓ. સર્વ સાક્ષાત્કારોના હે પરમ પ્રભુ! નૂતન વર્ષના ઊંબરે ઊભા રહી અમે તને નમસ્કાર કરીએ છીએ.

★★★

૧૯૩૯

આ વર્ષ શુદ્ધિકરણનું વર્ષ હશે.

હે પ્રભુ! ભગવાનના કાર્યમાં ભાગ લેનાર સર્વ કાર્યકર્તાઓ તને પ્રાર્થે છે કે એક પરમ શુદ્ધિકરણ દ્વારા તેઓ અહંકારના શાસનમાંથી મુક્ત થઈ જાઓ.

★★★

૧૯૪૦

શાંતિ અને અપેક્ષાનું વર્ષ....

હે પ્રભુ! અમે ફક્ત તારી કૃપામાં જ પૂરેપૂરો આધાર પ્રાપ્ત કરીએ.

★★★

૧૯૪૧

પ્રભુવિરોધી આસુરિક શક્તિઓના આક્રમણથી ઘેરાયેલ જગત પોતાના આધ્યાત્મિક જીવન માટે લડી રહ્યું છે.

પ્રભુ! અમે અભીપ્સા કરીએ છીએ કે અમે તારા વીર યોદ્ધાઓ બનીએ જેથી તારો મહિમા પૃથ્વી ઉપર અભિવ્યક્ત થાય.

★★★

૧૯૪૨

સર્વ શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરનાર હે પ્રભુ! તારો જય હો! અમને એવી શક્તિ આપ કે અમે સહન કરી શકીએ અને તારા વિજયમાં ભાગ લઈ શકીએ.

★★★

૧૯૪૩

હવે એ ઘડી આવી પહોંચી છે જ્યારે એક મૌલિક અને સુનિશ્ચિત પસંદગી કરવી જોઈશે.

પ્રભુ! અમને શક્તિ આપ કે અમે અસત્યનો ત્યાગ કરીએ અને તારા સત્યમાં ઉપર ઊઠીએ, વિશુદ્ધ અને તારા વિજયને માટે યોગ્ય.

★ ★ ★

૧૯૪૪

પ્રભુ! જગત તને પ્રાર્થના કરે છે કે તું તેને એની એજ મૂર્ખતાઓમાં હમેશાં પડવામાંથી બચાવી લે.

કૃપા કર કે જે ભૂલો ધ્યાનમાં આવી છે તે કદી ફરી ફરી ન કરવામાં આવે.

છેલ્લે એવી કૃપા કર કે તેનાં કર્મો તેણે ઘોષણા કરેલા આદર્શોની ક્ષતિ રહિત તેમ જ સત્યનિષ્ઠ અભિવ્યક્તિ બની રહે.

★ ★ ★

૧૯૪૫

પૃથ્વી એક સ્થાયી અને જીવંત શાંતિને ત્યારે જ ભોગવી શકશે જ્યારે માણસો એ સમજશે કે તેઓએ પોતાના આંતરરાષ્ટ્રીય વ્યવહારોમાં પણ સત્યપરાયણ બની રહેવું જોઈશે.

ઓ પ્રભુ! અમે આ પૂર્ણ સત્યપરાયણતા માટે અભીપ્સા કરીએ છીએ.

★ ★ ★

૧૯૪૬

પ્રભુ! અમારે તારી શાંતિ જોઈએ, શાંતિનો વ્યર્થ આભાસ નહિ, તારી સ્વતંત્રતા જોઈએ, સ્વતંત્રતાનો આભાસ નહિ, તારી એક્તા જોઈએ, એક્તાનો આભાસ નહિ. કારણ કે ફક્ત તારી શાંતિ, તારી સ્વતંત્રતા અને તારી એક્તા જ, આંધળી હિંસા, પાખંડ અને અસત્ય જે હજુ પણ પૃથ્વી ઉપર શાસન કરી રહ્યાં છે તેમના ઉપર વિજયી બની શકે.

વરદાન આપ કે જેઓએ તારા વિજય માટે આટલી વીરતાપૂર્વક સંઘર્ષ કર્યો છે અને દુઃખો સહન કર્યાં છે તેઓ આ વિજયનાં સાચાં અને મૌલિક પરિણામો જગતમાં સિદ્ધ થયેલાં જુએ.

★ ★ ★

૧૯૪૭

જ્યારે સર્વ વસ્તુઓ ખરાબથી વધુ ખરાબ અવસ્થા તરફ જતી લાગે



બરાબર તે ક્ષણે જ આપણે શ્રદ્ધાનું સર્વોચ્ચ કાર્ય કરવું જોઈએ અને જાણવું જોઈએ કે પરમ કૃપા આપણને કદાપિ છોડી જશે નહિ.

★ ★ ★

૧૯૪૮

આગળ ધપ્યે જાઓ, નિરંતર આગળ ધપ્યે જાઓ !
બોગદાને અંતે છે પ્રકાશ...
યુદ્ધને અંતે છે વિજય !

★ ★ ★

૧૯૪૯

પ્રભુ! નૂતન વર્ષની પૂર્વ સંધ્યાએ મેં તને પૂછયું કે મારે શું કહેવું જોઈએ. તેં મને બે અંતિમ અને વિરોધી શક્યતાઓ બતાવી અને મને શાંત રહેવા માટે આદેશ આપ્યો.

★ ★ ★

૧૯૫૦

બોલો નહિ. કામ કરો.
જાહેરાત ન કરો. સાક્ષાત્કાર કરો.

★ ★ ★

૧૯૫૧

પ્રભુ! તારું રૂપાંતરનું કાર્ય સિદ્ધ થાય એટલા માટે અમે પૃથ્વી ઉપર આવેલાં છીએ. એ કાર્ય એ જ અમારો એક માત્ર સંકલ્પ છે, એ જ અમારા ચિત્તની એકમાત્ર વૃત્તિ છે. અમારી પ્રાર્થના છે કે એ કાર્ય અમારા જીવનની પણ એકમાત્ર પ્રવૃત્તિ બની રહો અને અમારાં સર્વ કાર્યો આ એક જ ધ્યેય પ્રતિ જવામાં અમને મદદરૂપ થાઓ.

★ ★ ★

૧૯૫૨

પ્રભુ! તેં અમારી શ્રદ્ધાની પરીક્ષા કરવાનો અને અમારી સત્યષ્ઠિાને તારી કસોટીમાંથી પસાર કરવાનો નિશ્ચય કર્યો છે. અમે પ્રાર્થના કરીએ છીએ કે અમે આ અગ્નિ-પરીક્ષામાંથી વધારે વિશુદ્ધ અને મહાન બનીને બહાર આવીએ.

★ ★ ★

૧૯૫૩

પ્રભુ! તેં કહ્યું છે : થાકીને છોડી ન દેશો, ટકી રહો. જ્યારે સર્વ કાંઈ ગુમાવ્યું હોય એવું લાગે છે ત્યારે જ સર્વ કાંઈ બચાવી લેવામાં આવે છે.

★ ★ ★

૧૯૫૪

મારા પ્રભુ! આ નૂતન વર્ષે આપે સર્વને માટે આ રીતની સલાહ આપી છે:

''કદી કોઈપણ બાબતની બડાઈ ન કરશો. તમારા કાર્યોને જ તમારા વતી બોલવા દો.''

★ ★ ★

૧૯૫૫

કોઈપણ માનવીય સંકલ્પ આખર જતાં પ્રભુના સંકલ્પની સામે ટકી શકતો નથી. આપણે આપણી જાતને જ્ઞાનપૂર્વક અને અનન્યપણે પ્રભુની સાથે મૂકી દઈએ અને છેવટે વિજય નિશ્ચિત છે.

★ ★ ★

૧૯૫૬

મોટામાં મોટા વિજયો ઓછામાં ઓછા અવાજ કરનારા હોય છે.

નૂતન જગતના આવિર્ભાવની ઘોષણા ઢોલ પીટીને કરવામાં નથી આવતી.

★ ★ ★

૧૯૫૭

અશુભની શક્તિ કરતાં વધારે મહાન હોય, કેવળ તેવી એક શક્તિ જ વિજય પ્રાપ્ત કરી શકે છે. ક્રોસ પર ચઢાવેલ શરીર નહિ પરંતુ એક દેદીપ્યમાન બનેલું શરીર જ જગતનો ઉદ્ધાર કરશે.

★ ★ ★

૧૯૫૮

ઓ પ્રકૃતિ! અમારી પાર્થિવ મા! તેં કહ્યું છે કે તું સહયોગ કરશે અને આ સહયોગની ભવ્યતાની કોઈ સીમા નથી.

★ ★ ★



૧૯૫૯

અચેતનાના છેક તળિયે જ્યાં તે અત્યંત કઠોર, અક્કડ, સંકુચિત અને ગૂંગળાવી દે તેવું છે ત્યાં હું એક સર્વસમર્થ કમાન સમક્ષ આવી પહોંચી. તેણે મને સહસા ઊર્ધ્વે નિરાકાર, નિઃસીમ વિશાળતામાં ફેંકી આપી, જે નૂતન જગતનાં બીજ વડે સ્પંદિત થઈ રહી હતી.

★ ★ ★

૧૯૬૦

જાણવું સારું છે,
જીવવું વધારે સારું છે,
બની રહેવું, એ પૂર્ણતા છે.

★ ★ ★

૧૯૬૧

આનંદની આ અદ્‌ભુત સૃષ્ટિ પૃથ્વી ઉપર ઊતરી આવવા માટે આપણા પુકારની પ્રતીક્ષા કરતી, આપણા બારણે ઊભી છે.

★ ★ ★

૧૯૬૨

આપણે પૂર્ણતા માટે તરસીએ છીએ. આ માનવીય પૂર્ણતા નહિ કે જે અહંકારની પૂર્ણતા છે અને દિવ્ય પૂર્ણતા પ્રતિ જતા માર્ગને રોકી રાખે છે. પરંતુ તે એક પૂર્ણતા કે જેની પાસે શાશ્વત સત્યને પૃથ્વી ઉપર અભિવ્યક્ત કરવાનું સામર્થ્ય છે.

★ ★ ★

૧૯૬૩

આપણે પ્રભુની ઘડી માટે તૈયારી કરીએ.

★ ★ ★

૧૯૬૪

તમે તૈયાર છો ?

★ ★ ★

૧૯૬૫

સત્યના આગમનને નમસ્કાર.

★ ★ ★

૧૯૬૭
માનવો, રાષ્ટ્રો, ભૂખંડો !
પસંદગી અનિવાર્ય છે :
સત્ય અથવા સર્વનાશ.

★★★

૧૯૬૮
યુવાન બની રહો, પૂર્ણતા પ્રતિ પ્રયાસ કરવાનું કદી બંધ ન કરો.

★★★

૧૯૬૯
શબ્દો નહિ - કાર્યો.

★★★

૧૯૭૦
જગત એક મહાન પરિવર્તનને માટે તૈયારી કરી રહ્યું છે.
તમે મદદ કરશો ?

★★★

૧૯૭૧
તેઓ આશીર્વાદને પામ્યા છે જેઓ ભવિષ્ય પ્રતિ છલાંગ ભરે છે.

★★★

૧૯૭૨
આપણે સૌ શ્રી અરવિન્દ શતાબ્દીને માટે પાત્ર બનવાની કોશિશ કરીએ.

★★★

૧૯૭૩
જ્યારે તમે એકી વખતે આખાયે જગત વિષે સભાન હો છો ત્યારે તમે પ્રભુ વિષે સભાન બની શકો છો.

★★★

(સંદેશ સંહિતા, પૃષ્ઠ - ૨૦૩ થી ૨૨૧)



પ્રકરણ ચોથું

# ગીતાના બોધનો મર્મ

(ગતાંકથી ચાલુ)

ઉપર જણાવી તે બધી દલીલો ઉપરથી કહેવાનો આશય એ નથી કે વિનાશ અને સંહાર એ જ જીવનનું સર્વસ્વ છે. અથવા તો એમ પણ નથી કે એકતા અને સંવાદ યુદ્ધ અને કલહ કરતાં વધારે મહાન કે ચડિયાતાં તત્ત્વો નથી. અથવા તો પ્રેમ મૃત્યુ કરતાં વધારે દિવ્ય આવિર્ભાવ નથી. વળી પશુબળને દૂર કરીને તેને ઠેકાણે આત્મબળ વાપરવા માટે, અથવા તો, યુદ્ધને ઠેકાણે શાંતિ અને ભક્ષણને બદલે પ્રેમ, અહંતાને સ્થાને સર્વમયતા અને મૃત્યુને બદલે અમરતા પ્રગટાવવા આપણે પ્રયત્ન ન કરવો જોઈએ. પ્રભુ કેવળ રુદ્ર સ્વરૂપ નથી, તે બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર રૂપે વિશ્વની ત્રિમૂર્તિ છે. તે પ્રાણીમાત્રનો સખા છે, એટલું જ નહિ પરંતુ પુરુષોત્તમ સ્વરૂપે તે પરાત્પર છે. ઉગ્રતાવાળી કાલી પોતે જ આપણી સર્વ મંગળમયી માતા છે. કુરુક્ષેત્રનો પ્રભુ પોતે જ રથનો દોરનાર સારથિ છે. માનવ-આત્માનો તે દિવ્ય સખા છે. પ્રાણીઓના હૃદયનું આકર્ષણ કરનાર અવતાર શ્રીકૃષ્ણ છે. જીવનનો ઘોર સંગ્રામ અને કલહો તથા અવ્યવસ્થામાંથી તે આપણને ગમે ત્યાં દોરી જતો હોય, પણ આપણા અંતરનું ગમે તે ઉદ્દેશ્ય કે દેવતા પ્રત્યે આકર્ષણ કરતો હોય તોપણ, આપણે જાણીએ છીએ કે એ બધાં બહારનાં સ્વરૂપો જેના પર આપણે આટલો બધો ભાર મૂકીએ છીએ તેમનાથી પર એવી, આપણને અત્યાર સુધી પ્રાપ્ત નહિ થયેલી એવી, કોઇ દિવ્ય આધ્યાત્મિક અનુભૂતિની ભૂમિકા પ્રત્યે જ તે આપણને લઈ જઈ રહ્યો છે. પરંતુ તે આપણને કયાં લઈ જાય છે, કેવી રીતે લઈ જાય છે, કેવા પ્રકારની પરાત્પરતામાં તે લઈ જાય છે, તથા કઈ શરતે તે આપણને દોરે છે એ સઘળું આપણે શોધી કાઢવાનું છે.

એ બધું જાણવું હોય તો તે માટેનું પ્રથમ પગલું એ છે કે આપણે જીવન જેવું છે તેવું બરાબર જોવું જોઈએ, અને શરૂઆતમાં

અત્યારની ઘડીએ પ્રભુનું કાર્ય આપણને જેવું દેખાય તેવું જોવું અને તેનું સાચું મૂલ્ય આંકવું જોઈએ. ત્યાર પછી જ તેનો અંતિમ આદર્શ અને એ આદર્શને સિદ્ધ કરવાનો માર્ગ વધારે સારી રીતે આપોઆપ દેખાવા લાગશે. કુરુક્ષેત્રને તો આપણે સ્વીકારવું જોઈએ. અમર જીવન પ્રાપ્ત કરવાનો માર્ગ આપણે શોધી શકીએ તે પહેલાં મરણ વડે જીવન પ્રાપ્ત કરવાના નિયમને આપણે તાબે થતાં શીખવાનું છે. આપણી દૃષ્ટિ આપણે ખુલ્લી રાખવાની છે, અને અર્જુન કરતાં પણ ઓછાં આશ્ચર્ય પામેલાં નેત્રો વડે કાળ અને સંહારરૂપ પ્રભુના સ્વરૂપનું આપણે દર્શન કરવાનું છે, તથા વિશ્વસમસ્તના સંહારક પ્રભુનો ઇન્કાર કરવાનો નથી, તેનો તિરસ્કાર કે તેના પ્રત્યે ઘૃણા પણ કરવાની નથી.

પ્રકરણ છઠ્ઠું

## મનુષ્ય અને જીવન-સંગ્રામ

ગીતાના ઉપદેશમાં રહેલા સર્વદેશીય ઉદારતાની બરાબર કદર કરવી હોય તો જગતમાં આવિર્ભાવ પામેલી પ્રકૃતિ વિશે અને જગતના સર્જનમાં પ્રગટ થતી પ્રક્રિયા વિશે ગીતા જે દૃષ્ટિબિંદુ સ્વીકારે છે તથા જે હિંમતભર્યું નિરૂપણ કરે છે તેનો આપણે બુદ્ધિ વડે સ્વીકાર કરવો જોઈએ. કુરુક્ષેત્રના વિજયી રથનો દિવ્ય સારથિ એક બાજુથી જોતાં વિશ્વસમસ્તના સ્વામી તરીકે, સર્વ પ્રાણીઓના મિત્ર તરીકે, સર્વજ્ઞ નેતા તરીકે દેખા દે છે, તો બીજી બાજુએ એ પોતે જ સંહારક કાલ છે, - **लोकक्षयकृत् प्रवृद्धः** - લોકોનો ક્ષય કરવા માટે ઉદ્યુક્ત થયેલો કાલ છે, એમ પણ તે આપણને બતાવે છે. હિંદુ ધર્મમાં જે વિશાળ ઉદારતા રહેલી છે તેને અનુસરીને ગીતા પણ જાહેર કરે છે કે એ સંહારક, કાલ-સ્વરૂપ પણ પ્રભુનું જ છે. જગતના મહાન કોયડાના ઉકેલની મુશ્કેલીમાંથી છટકવા માટે ગીતા કોઈ છટકબારીનો ઉપયોગ કરતી નથી. આ પ્રકારનું વિધાન કરવા માટે અસાધારણ શ્રદ્ધાની જરૂર રહે છે. કારણ કે નાસ્તિક, જડવાદીની પેઠે વિશ્વને પાર્થિવ અને ઉદાસીન એવી શક્તિની યાંત્રિક ક્રિયા તરીકે આપણે ન ગણતા હોઈએ, અથવા તો સાંખ્યમતની પેઠે એ જડ

શક્તિની-પ્રકૃતિની-લીલા નિષ્ક્રિય પુરુષમાં પ્રતિબિંબિત થઈ છે એવું આપણે ન માનતા હોઈએ તો મહાન અને મુશ્કેલીથી સાધ્ય થઈ શકે એવી શ્રદ્ધાથી જ આપણે આરંભ કરવો પડશે. વળી, આ વિશ્વ ઉદાસીન અને અવિકારી એવી કોઈ અનિર્વચનીય વિશ્વાતીત વાસ્તવિક્તામાંથી સપાટી ઉપરની ચેતનામાં ઉત્પન્ન થયેલું સ્વપ્ન કે દુઃસ્વપ્ન માત્ર છે એમ આપણે ન માનતા હોઈએ, જે સ્વપ્નથી પરાત્પર પોતે તો નિર્લિપ્ત જ રહે છે, અને જેમાં પોતે કશો ભાગ ભજવતો જ નથી - તોપણ આપણે ભારે શ્રદ્ધાથી આરંભ કરવો પડશે. કારણ કે આપણે જે પ્રભુનો ઉલ્લેખ કર્યો છે, તે સર્વવ્યાપી, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન એવી એક સત્-તા છે. અને છતાં, તે વિશ્વથી અતીત એવી પરાત્પર, સનાતન સત્-તા પણ છે. એ જ આ જગતનો આવિર્ભાવ કરે છે. તથા આ જગતમાં એ પોતે જ આવિર્ભાવને પામી રહેલો છે. અને છતાં એની પોતાની સર્જન કરનારી શક્તિનો કે પ્રકૃતિનો એ ગુલામ નથી, પણ શાસક છે, ઈશ છે. આ વિશ્વની યોજનામાં, કે તેના સંચાલનના કાર્યમાં એ પ્રભુ પોતાનાં સર્જેલ પ્રાણીઓથી, પછી તે માનવ હોય કે રાક્ષસ હોય, કદી હારી જતો નથી. પોતાની સૃષ્ટિના કે પોતાના આવિર્ભાવના કોઈ પણ અંગની જવાબદારી પોતે સર્જેલી કે પ્રગટ કરેલી, એવી કોઈ વસ્તુના ઉપર ઢોળી દઈને પોતાની જાતને સાચા ઠરાવવાની કે પોતાની શુદ્ધ સત્તા પ્રગટ કરવાની પ્રભુને જરૂર પડતી નથી. માનવ પોતાની જાતને જગતની અંદર આવી રહેલી જુએ છે. એ જગત બહારથી જોતાં સંગ્રામે ચડેલી શક્તિઓના મેદાન જેવું જણાય છે. અસંખ્ય, અંધકારગ્રસ્ત શક્તિઓ પરસ્પર અવ્યવસ્થિતપણે એમાં ઝઘડતી જણાય છે. એવા જગતમાં જીવન ટકી રહે છે તે સતત વિકાર પામીને અને મરણને વશ થઈને, અને જીવનની ચારે બાજુએથી દુઃખ, શોક, પાપ અને મૃત્યુનો ભય તેને ઘેરી વળેલો જણાય છે. બહારથી આવા જણાતા જગતની અંદર એક સર્વવ્યાપક સત્ય આવી રહેલું છે એમ માનવે જોવાનું છે, સમજવાનું છે, તથા આ વિકટ કોયડાનું નિરાકરણ હોવું જ જોઈએ એવી દૃઢ શ્રદ્ધાયુક્ત ખાતરી પણ એણે પોતાના અંતરમાં રાખવાની છે. અત્યારે માનવ જે અજ્ઞાનમાં જીવી રહ્યો છે તેનાથી પેલી તરફ, જીવનના સર્વે વિરોધોનો એક સંવાદમાં મેળ



કરી આપી શકે એવું જ્ઞાન પણ રહેલું છે એવી શ્રદ્ધા માનવે કેળવવાની છે. ટૂંકામાં, એણે સેન્ટ પોલના જેવી અડગ શ્રદ્ધા પોતાના અંતરમાં પ્રગટાવીને પ્રભુને કહી શકવું જોઈએ : 'તું મને કાપી નાખશે તો પણ હું તો તારામાં વિશ્વાસ રાખીશ.' માનવની સર્વ પ્રકારની ભાવાત્મક અને સક્રિય વિચારણામાં અથવા તો માન્યતામાં, પછી તે એક ઈશ્વર વિષે આસ્તિક, સઘળું દેવમય માનનારી, કે નાસ્તિક હોય, તે દરેકમાં ઓછા વધતા પ્રમાણમાં, પ્રગટ કે અપ્રગટ રીતે એવી જ કોઈ શ્રદ્ધા રહેલી જણાશે. એ દરેક દૃષ્ટિ કશાકનો સ્વીકાર કરે છે, તથા કશાકમાં શ્રદ્ધા રાખે છે. જીવનના કલહોને અને વિસંવાદોને તે સ્વીકારે છે. તથા ઈશ્વરમાં, કોઇ ઉચ્ચ તત્ત્વમાં, વિરાટ સત્તામાં, કે પ્રકૃતિમાં એ શ્રદ્ધા રાખે છે. અર્થાત્ એવું કોઇ તત્ત્વ આપણને જીવનના વિરોધો અને વિસંવાદોથી પાર થવાની, એમનો પરાજય કરવાની યા તો એમનો સંવાદ યાને સમાધાન સાધવાની શક્તિ આપશે એવી શ્રદ્ધા તે રાખે છે. કદાચ એ બધાથી પર થવાની, એમને જીતવાની અને સંવાદી બનાવવાની, એમ ત્રણે શક્તિઓ તે ઊર્ધ્વ તત્ત્વ આપણને આપશે, અથવા તો એમના પર જીત મેળવીને અને એમાંથી પર થઈને એમની વચ્ચે સંવાદ સાધવાની શક્તિ કદાચ આપણને તે આપશે.

એ તો જીવનની પેલી તરફ રહેલા ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાની વાત થઈ. આ બાજુ માનવજીવનનું વ્યવહારુ સ્વરૂપ જોઈશું તો ત્યાં આપણે કલહ અને સંગ્રામનું તત્ત્વ માન્ય કરવું પડશે. તથા કુરુક્ષેત્ર જેવા કોઈ મહાન કટોકટીના પ્રસંગને તે પ્રાપ્ત થાય છે એ વસ્તુનો આપણે સ્વીકાર કરવો પડશે. આપણે આગળ જોઈ ગયા છીએ કે પોતાના કાર્યક્ષેત્રના ચોકઠા તરીકે ગીતા માનવજાતિના ઇતિહાસમાં સમયે સમયે આવતી કટોકટીની અને ક્રાંતિની કે પરિવર્તનની પરિસ્થિતિનો સ્વીકાર કરે છે. એવી પરિસ્થિતિમાં મહાન શક્તિઓ સંગ્રામના મેદાનમાં સામસામી એકઠી થાય છે, અને પ્રચંડ વિનાશ તથા મહાન નવસર્જન કરે છે. એવો વિનાશ અને નવસર્જન બુદ્ધિના ક્ષેત્રમાં, સમાજમાં, નીતિનાં ધોરણોમાં, ધર્મમાં અને રાજકારણમાં સધાય છે. માનવજાતિની અત્યારની માનસિક અને સામાજિક સ્થિતિ જોતાં, અત્યારને તબક્કે, એવો વિનાશ અને નવસર્જન

સામાન્ય રીતે ઉગ્ર વિરોધનું, મહાન વિગ્રહનું કે ક્રાંતિનું સ્વરૂપ ધારણ કરે છે, અને ઘણા ઉગ્ર અને પ્રચંડ સ્થૂલ વિનાશ અને પરિવર્તનને પરિણામે એ વસ્તુઓ સધાય છે. માનવજાતિની સમુત્ક્રાંતિ સાધવા માટે પ્રકૃતિમાં અત્યારે એવી ભીષણ પરિસ્થિતિની આવશ્યકતા રહેલી છે. ગીતા એવી આવશ્યકતાનો સ્વીકાર કરીને આરંભ કરે છે. અને વધારામાં ગીતા એ કલહનું નૈતિક સ્વરૂપ, એટલે કે ધર્મ અને અધર્મનાં તત્ત્વો વચ્ચેના આંતરકલહનું સ્વરૂપ, યા તો શિવ યાને મંગલ અને તેનો વિરોધ કરનાર શક્તિઓ વચ્ચેનો સૂક્ષ્મ ઝઘડો માત્ર સ્વીકારે છે એવું નથી. એના સ્થૂલ શારીરિક હિંસાનાં અથવા તો કલહનાં બીજાં ઉગ્ર સ્વરૂપને પણ ગીતા આવશ્યક તરીકે સ્વીકારે છે. આપણે એ યાદ રાખવાનું છે કે જે સમયે ગીતા રચાઈ હતી ત્યારે માનવની પ્રકૃતિના એક અંગ તરીકે યુદ્ધ અત્યારે છે તેના કરતાં પણ વધારે જરૂરી વસ્તુ હતી. અને જીવનમાંથી એ સદંતર દૂર કરી દેવાનો ખ્યાલ સુદ્ધાં તે સમયે શેખચલ્લીના જેવા ગણાત. વિશ્વશાંતિ અને કલ્યાણની ભાવનાનો આદર્શ અને માનવ માનવ વચ્ચે એવી પરસ્પર કલ્યાણની શુભ ભાવનાનો આદર્શ અને માનવ માનવ વચ્ચે એવી પરસ્પર કલ્યાણની શુભ વાંચ્છના કે કામના ન હોય તો સાચી અને હમેશની વિશ્વશાંતિ અશક્ય જ છે. જીવન પર માનવ પોતાની પકડ પ્રકૃતિના વિકાસમાં ઇતિહાસના યુગો દરમ્યાન કદી પણ જમાવી શક્યો નથી, એનું કારણ એ છે કે નીતિની દૃષ્ટિએ, સમાજના બંધારણની દૃષ્ટિએ, તથા આધ્યાત્મિક દૃષ્ટિએ, માનવજાતિ એ આદર્શને માટે તૈયાર ન હતી. અને ક્રમેક્રમે, ઉન્નતિની સીડી ચડી રહેલી પ્રકૃતિની સમતુલા એટલા મહાન આરોહણ માટે તૈયાર ન હતી. એને માટે તે સમયે એ તૈયારી કરી શકે એમ પણ ન હતું. અને અત્યારે પણ આપણે કાંઇ બહુ આગળ નીકળી ગયા છીએ એવું નથી. પરસ્પર ઝઘડતા સ્વાર્થો વચ્ચે એક પ્રકારની આપલે કે બાંધછોડની યોજના ઘડવા ઉપરાંત આજે પણ આપણે બહુ આગળ વધ્યા નથી. ***(ક્રમશઃ)***

***શ્રી અરવિન્દ***

(ગીતાનિબંધો પૃ. ૫૩ થી ૫૭)



# વૃત્ત વિશેષ

સોસાયટી બીચ ઓફિસ, પોંડિચેરી મુકામે ૨૨ થી ૨૮ ફેબ્રુઆરી ૦૯ દરમિયાન શ્રી અરવિન્દ રચિત મહાકાવ્ય 'સાવિત્રી' ના અભ્યાસસત્રનું સંચાલન ડૉ. અલોક પાન્ડે કરશે. રોજ સાંજે ૫ થી ૭ દરમિયાન બે સત્રોમાં અભ્યાસ કરવામાં આવશે. સત્રમાં હાજરી આપવા માટેની કોઈ ફી નથી.

❋❋❋

શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે ૨૩ નવેમ્બરના રોજ શ્રી શરદભાઈ જોષીએ '૨૪ નવેમ્બર, સિદ્ધિ દિન' નું મહત્ત્વ વિશે વક્તવ્ય રજૂ કર્યું હતું. ૫, ડિસેમ્બર, તથા ૯ ડિસેમ્બરના દર્શન દિવસોના ઉપલક્ષ્યમાં ૩ ડિસે.ના રોજ '૫, ડિસેમ્બર, ૧૯૫૦ની ઘટનાનું સાંકેતિક મહત્ત્વ' તેમજ ૭ ડિસેમ્બરના રોજ ''શ્રી અરવિન્દ દર્શનના પ્રકાશમાં મૃત્યુની મીમાંસા'' વિષય પર શ્રી કિરીટભાઈ ઠક્કરે બે વક્તવ્યો રજૂ કર્યાં હતાં.

❋❋❋

૩૦ સપ્ટેમ્બર થી ૩ ઓક્ટોબર દરમિયાન સોસાયટીનાં કેન્દ્રોના પ્રતિનિધિઓ માટે Intensive Awareness Programme નું આયોજન પોંડિચેરી મુકામે કરવામાં આવ્યું હતું. શ્રી અરવિન્દના યોગના મહત્ત્વના અંગો જે વ્યવહારૂ જીવનને લગતાં છે તે વિશે કાર્યક્રમમાં સૌને સમજ આપવામાં આવી. કેન્દ્રોમાં મુલાકાતીઓ જે પ્રશ્નો સામાન્યતઃ પૂછતાં રહે છે એને ધ્યાનમાં રાખીને કાર્યક્રમમાં ચર્ચા-વિચારણાઓ કરવામાં આવી.

❋❋❋

શ્રી નાનશા પંડિતે ૧૨ થી ૧૪ નવેમ્બર દરમિયાન વિસનગરમાં દિવ્યાંશ સ્થાપના દિન નિમિત્તે 'દિવ્યાંશનું મહત્ત્વ' વિષય પર તેમ જ ત્યાંની જે.ડી. સ્કૂલમાં 'શ્રી અરવિન્દના કેળવણીના વિચારો' વિશે વક્તવ્યો રજૂ કર્યાં. ૧૫ નવે. ના રોજ તેમણે ગુ. યુનિ. N.S.S. Camp માં 'સ્વચ્છતા અને સુઘડતા' વિશે શ્રી માતાજીના સૂચનો વિશે રજૂઆત કરી. શરદપૂર્ણિમાના દિવસે શ્રી નાનશા પંડિતે કપડવણજ કેન્દ્રમાં સત્સંગ કર્યો.

❋❋❋

તા. ૨૩-૦૧-૦૯ થી ૩૦-૦૧-૦૯ દરમિયાન શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે શ્રી અશ્વિનભાઈ કાપડીઆના 'સાવિત્રી સપ્તાહનું' આયોજન શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા ને શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવનાર છે. સમય રોજ સાંજે ૬.૦૦ કલાકે.

❋❋❋

**સાભાર સ્વીકાર : (૧) બ્રહ્માંડ દર્શન :** લે. પંકજ શા. જોષી. પ્રકાશકઃ પારુલ દાંડીકર, યજ્ઞ પ્રકાશન સમિતિ, હુજરાત પાગા વડોદરા ૩૯૦ ૦૦૧. ફોન - ૨૪૩૭૯૫૭, (૦૨૬૫) 'લેખક ઉચ્ચ કક્ષાના ખગોળ વિજ્ઞાની છે. મહાકાય તારાઓની અંતિમ અવસ્થા વિશેના સંશોધન બાબત એમણે ભારે મોટી છલાંગ ભરી છે.' અને 'એક શીખેલ સમજણા જણની આંગળીએ પિંડ-બ્રહ્માંડની વિચાર યાત્રા' સૌ વાચકોએ કરવા જેવી છે. લેખક પોતે જણાવે છે : 'જેમ પોતાને વધારે સમજીએ તેમ વિશ્વ પણ વિશેષ સમજાતું જાય છે ! આ જ આપણા અસ્તિત્વ વિશેની અદ્‌ભુત વાત અને ઘટના છે' વિજ્ઞાન અને અધ્યાત્મમાં રસ દાખવનાર સૌને માટે પુસ્તકમાં સમાવાયેલા લેખો દીવાદાંડી સમાન છે. પુસ્તક પ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરવો. પુસ્તકની કિંમત રૂા. ૬૦/-.

**(૨) ધરમપુરના ડુંગરોમાં :** આદિવાસી પ્રજાના સર્વાંગી ઉત્કર્ષ અર્થે ચાલી રહેલ મથામણ ઉપર ૪૦ વરસે એક દૃષ્ટિપાત - **સર્વોદય પરિવાર ટ્રસ્ટ** - પિંડવળ તા. ધરમપુર, જિ. વલસાડ ૩૯૬ ૦૫૦. ટ્રસ્ટ દ્વારા ધરમપુર તાલુકાના સવાસો - દોઢસો ગામોને આવરી લઈ પ્રજાના સર્વાંગી ઉત્કર્ષ માટે આરોગ્ય સેવા, અનાજ વિતરણ, જળસેવા, પાકાં મકાનો, ગૃહઉદ્યોગ, શિક્ષણ અને સંસ્કાર સિંચનની પ્રવૃત્તિઓનો ૪૦ વર્ષનો રોચક અહેવાલ અત્રે રજૂ થયો છે. ટ્રસ્ટીઓનો સંકલ્પ છે : 'આદિવાસી પ્રજાને એવી પરિસ્થિતિ અને અનુકૂળતા પૂરી પાડવાની છે કે એમનામાંનું દૈવત મ્હોરી ઊઠે.'

❋❋❋

**(૩) સ્વદર્પણ - માસિક - પ્રકાશક :** આવિષ્કાર કો. ઓપ. ક્રેડીટ સો.લિ. પુષ્કર એવન્યુ મહાજનની ગલી, રાવપુરા, વડોદરા - ૩૯૦ ૦૦૧ ફોન -૨૪૨૩૯૩૦

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

સર્વત્ર એકમાત્ર પ્રભુ જ કાર્ય કરી રહ્યો છે, અને સમગ્ર સૃષ્ટિ દિવ્ય કર્મધારાનું અને તેના ક્રમિક આવિર્ભાવનું એકસરખું કરણ છે એવી વિશાળ દૃષ્ટિ એ જ જો આપણી અખંડ અનુભૂતિ થઈ રહે તો આપણી પ્રકૃતિમાંથી સર્વ રાજસિક અહંકાર હાંકી કાઢવામાં મદદ મળે અને ખુદ સાત્ત્વિક અહમ્‌ભાવ પણ ચાલ્યો જવા માંડે.

શ્રી અરવિન્દ



# વિચારરત્નો અને સૂત્રો

પોતાની જાતને સાચા ઠેરવવાનું વલણ એ અહંકાર તેમ જ અજ્ઞાનની નિશાની છે.

★

ખૂબ જ સંવેદનશીલતા એ અહંની નિશાની અથવા તો અહંનું જ પરિણામ હોય છે.

★

હા, દરેકની મુશ્કેલીનું કારણ અહંકાર જ છે.

★

મહત્ત્વકાંક્ષા એ હંમેશા પ્રાણની શક્તિ છે.

★

સમતા એટલે અહંનો અભાવ, એવું નહિ; સમતા એટલે કામના અને આસક્તિનો અભાવ.

★

મોટા ભાગના લોકોમાં વિનમ્રતા અને પરોપકારની ભાવના પણ એક પ્રકારનું અહંનું સ્વરૂપ જ હોય છે.

★

બિનંગતતા એ પોતે જ દિવ્યતા નથી.

★

માણસને પોતાની અપૂર્ણતા પ્રત્યે ઘૃણા ઉપજે એ માટે પાપનું ભાન જરૂરી હતું. અહંકારના શુદ્ધિકરણ માટેની ભગવાનની એ રીત હતી. પરંતુ માનવના અહંકારે પોતાના પાપો પ્રત્યે ઓછા સભાન રહીને તેમજ બીજાઓના પાપો પ્રત્યે એકદમ સભાન બનીને ભગવાનની આ રીતને પ્રત્યુત્તર આપ્યો.

★

સઘળાં સ્ખલનો અને દુઃખોનો ઉપાય પૂર્ણ વૈશ્વિક દર્શન અને વૈશ્વિક લાગણી છે. પરંતુ મોટાભાગના લોકો પોતાના અહંનું ક્ષેત્ર વિશાળ કરવામાં જ સફળ થતાં હોય છે.

શ્રી અરવિન્દ

(અંક ૦૪ : વર્ષ ૩૩)
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ છૂટક અંક : રૂા. ૧૦
Regd. No. VDR-E/104/2006-2008

***આત્માનો સારો યે સંકલ્પ જ્યારે પરમાત્માને પામવાને માટે કટિબદ્ધ બને છે, ત્યારે પછી તેની સામે કશું યે ટકી શકતું નથી.***

***– શ્રી અરવિન્દ***

✳

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત **રૂા. ૧૦-૦૦**
વાર્ષિક લવાજમ* ભારતમાં **રૂા. ૧૦૦*** આજીવન **રૂા. ૧૦૦૦**
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન **ડોલર ૨૦** વાર્ષિક
દરિયાઈ માર્ગે, અમેરિકન **ડોલર ૧૦**
*સોસાયટીના સભ્યપદ સહિત રૂા. ૧૨૫

તંત્રી : **શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર**

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫૦૦૨

પ્રકાશક :

**શ્રી હંસકુમાર બી. માંકડ,** અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા. ફોન : ૨૪૧૨૬૮૫
E-mail : sas@auronivas.org
વેબસાઈટ : www.auronivas.org

મુદ્રણસ્થાન : **કૈલાસ પ્રિન્ટરી,** ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૬૨૦૯૮

✳